**મળે ન મળે - આદિલ મન્સૂરી**

નદીની રેતમાં રમતું નગર મળે ન મળે
ફરી આ દૃશ્ય સ્મૃતિપટ ઉપર મળે ન મળે

ભરી લો આંખમાં એની સુગંધનો દરિયો
પછી આ માટીની ભીની અસર મળે ન મળે

ભરી લો આંખમાં રસ્તાઓ બારીઓ ભીંતો
પછી આ શહેર આ ગલીઓ આ ઘર મળે ન મળે

પરિચિતોને ધરાઈને જોઈ લેવા દો
આ હસ્તા ચહેરા આ મીઠી નજર મળે ન મળે

રડી લો આજ સંબંધોને વિંટળાઈ અહીં
પછી કોઈને કોઈની કબર મળે ન મળે

વળા’વા આવ્યા છે એ ચહેરા ફરશે આંખોમાં
ભલે સફરમાં કોઈ હમસફર મળે ન મળે

વતનની ધૂળથી માથું ભરી લઉં આદિલ
અરે આ ધૂળ પછી ઉમ્રભર મળે ન મળે

Adil Mansuri, Box 922, Hoboken NJ 07030-0922. 201-868-6991. adil@mansuri.com